# પવનના સુસવાટાના વચ્ચે શહેર ઠંડુગાર

**વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા ધૂળની ડમરીઓ ઉડી : મહત્તમ અને લઘુત્તમ તાપમાન ચાર ડીગ્રી ગગડયુ : ઠંડીનો પારો ૧૧.૨ ડિગ્રી**

ગાંધીનગર તા ૭

આજે મોસમમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. જેના લીધે બે દિવસની રાહત બાદ આજે ફરી એકવાર ઠંડીનો ચમકારો વર્તાયો હતો. સુસવાટા મારતા પવનના લીધે ઠંડીનુ જોર બેવડાયુ હતુ. લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી ગગડતા ઠંડીનો પારો ૧૧. ૨ ડિગ્રી સુધી પહોંચી ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાન ચાર ડી ગ્રી ગગડયુ હતુ. શહેરીજનો ફરી ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા.



ગાંધીનગરમાં મોસમે ફરી એકવાર પલ્ટી મારી છે. દિલ્હી સહીત ઉત્તરના ભાગોમાં વરસાદના લીધે ઠંડીનુ પ્રમાણ વધ્યુ છે. જયારે ગાંધીનગરમાં પણ મોસમમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો છે. છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન ઉંચકાયુ હતુ .જયારે ઠંડીનુ પ્રમાણ પણ નહીંવત રહેતા નગરજનોએ કોલ્ડવેવમાં રાહત અનુભવી હતી. પરંતુ આજે સવારથી જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. અચાનક જ ઠંડીનુ જોર વધતા નગરજનો ફરી ગરમ કપડામાં લપેટાયા હતા. ૨૫ કી મી ની ઝડપે પવન ફુંકાતા નગરમાં દિવસે પણ નગરજનોએ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો. વાતાવરણ પલ્ટાના લીધે નગરજનો ફરી એકવાર ઠંડીની લપેટમાં આવી ગયા હતા. નગરમાં પણ ઠંડીના ચમકારના લીધે સાંજ ઢળતા જ જનજીવન પર વિપરિત અસર જોવા મળી હતી. છેલ્લા દોઢ મહીનાથી ઠંડીનુ જોર એકધારુ યથાવત રહેતા નગરજનો હવે ઠંડીથી ત્રાહીમામ પોકારી ગયા છે. જયારે બે દિવસ ઠંડીએ પોરો ખાતા શહેરીજનોએ પણ રાહત અનુભવી હતી. પરંતુ દેશના ઉત્તરના ભાગોમાં મોસમનો મિજાજ બદલાતા નગરમાં પણ ઠંડીનો ચમકરો ફરી વળ્યો છે. શહેરીજનો ઠંડીથી બચવા માટે રાત્રિના સમયે બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. લધુત્તમ તાપમાન આજે ૪ ડિગ્રી ગગડતા ઠંડીનો પારો ૧૧.ડિગ્રી એ પહોંચી ગયો હતો. જયારે મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ જોવા મળી હતી. મહત્તમ તાપમાન ૪.૮ ડિગ્રી નીચે ઉતરતા દિવસ દરમિયાન પણ સુસવાટા મારતા પવન વચ્ચે ઠંડીનો ચમકારો વર્તાયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૪.૪ ડિગ્રી નોંધાયુ હતુ. બે દિવસ ઠંડીનો મિજાજ હળવો થતા નગરજનોએ કોલ્ડવેવથી રાહત અનુભવી હતી. પરંતુ આજે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા સાથે ઠંડીનો પારો ઉંચકાયો હતો. નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા.

## છેલ્લે.. છેલ્લે..

- સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા અને સાયલામાં ભૂકંપના આંચકાઓ અનુભવાયા.
- પાટીદાર અનામત આંદોલનના બીજા નેતા રેશ્મા પટેલે પણ લોકસભાની ચૂંટણી લડવાની જાહેરાત કરી : તેમણે કહ્યું કે જો ભાજપ ટીકીટ નહી આપે તો તેઓ અપક્ષ ચૂંટણી લડશે.
- સ્વાઈન ફ્લુમાં વધુ ત્રણ દર્દીઓના મૃત્યુ : અત્યાર સુધી ૧૦૩૮ દર્દીઓ સ્વાઈન ફ્લુ પોઝીટીવ નોંધાયા : હજુ ૩૨૮ દર્દીઓ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે.
- પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલે લોકસભાની ચૂંટણી લડવી જોઈએ કે નહી તે માટે ફેસબુક પર અભિપ્રાય માંગતા ૭૨ ટકા શુભેચ્છકોએ ચૂંટણી લડવી જોઈએ અને ૨૮ ટકાએ ચૂંટણી ના લડવી જોઈએ એમ જણાવ્યુ છે.
- ડભોઈના સાઠોદ ગામના ગ્રામજનોએ પાંચ બોગસ પત્રકારોને મેથીપાક ચખાડી ભગાડ્યા છે.
- ખરાબ વાતાવરણને કારણે દરિયાઈ ફેરી સર્વિસ તાત્કાલિક બંધ કરાઈ છે.
- અમદાવાદ-મુંબાઈ વચ્ચેની બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન મામલે અસરગ્રસ્ત ખેડૂતો માટેનો ચૂકાદો વધુ એક વખત મુલ્તવી રખાયો.
- વિધાનસભા બજેટસત્ર પહેલા ૧૬મીએ કામકાજ સલાહકાર સમિતિની બેઠક વિધાનસભામાં યોજાઈ.
- સુરતમાં પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડી ખાનગી ટ્યુશન કલાસ સવારે ૭થી ૯ દરમ્યાન જ ચલાવવા હુકમ કર્યો છે. દરેક કલાસીસમાં સીસીટીવી કેમેરા ફરજિયાત બનાવાયા છે.

# મનપાનું કરબોજ વિનાનું રૂ. ૨૮૪ કરોડનું બજેટ

**ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં રૂ. ૮ કરોડનો કાપ : બજેટમાં માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણ પર ભાર મુકાયો છે : કમિશ્નર, સે. ૩૦માં મનપાનો વ્હીકલપુલ બનશે : કર-દરમાં સુધારો નહિ થાય વિકાસ કામો સૂચવી શકાશે : પ્રવિણ પટેલ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકાનું આજે કરવેરા વિહોણુ રૂ. ૨૮૪ કરોડનું ડ્રાફ્ટ બજેટ મ્યુનિ. કમિશ્નર ડૉ. રતનકંવર ગઢવી (ચારણ) દ્વારા આજે મનપાની સામાન્ય સભા સમક્ષ રજુ કર્યુ છે.

આ બજેટમાં શહેરની માળખાકીય સુવિધાઓના સુદઢીકરણ પર ભાર મુકવામાં આવ્યો છે.

મેયર પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં મળેલી સામાન્ય સભામાં સૌથી ટુંકુ પ્રવચન કમિશનરશ્રીએ કર્યુ હતુ. જોકે આ બજેટમાં કરબોજ ન હોવા સાથે ચાલુ વર્ષના અંદાજપત્રનું રિવાઈઝડ બજેટ જે રજુ કરાયુ હતુ તેમાં રૂ. ૮ કરોડનો માતબર ઘટાડો કરવાની જાહેરાત કરાઈ હતી. ચાલુ વર્ષનુ બજેટ જે ૨૮૧ કરોડ હતુ તે હવે ઘટીને ૨૭૩ કરોડ થવા પામ્યું છે.

મ્યુનિ. કમિશ્નરશ્રી તેમનુ બજેટ પ્રવચન શરૂ કરે તે પૂર્વે પૂર્વ કાઉન્સીલર હર્ષજીત પંડ્યા તેમજ યુવા કાઉન્સીલર રાકેશ પટેલના



દિકરા શિવના થયેલા દુઃખદ અવસાન અંગે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યુ હતુ.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ તેમના અંદાજપત્રમાં મિલ્કતવેરાની વસુલાત ૨૭ કરોડથી વધુ થવાનો અંદાજ રાખ્યો છે. વ્હીકલ ટેક્ષની આવક પણ રૂ. ત્રણ કરોડ જેટલી થશે તેવો અંદાજ રખાયો છે.

કમિશ્નરે તેમના અંદાજપત્રમાં રૂ. ૪ કરોડના ખર્ચે ચાર અર્બન હેલ્થ સેન્ટરોમાં

● અનુસંધાન પાન-૭ પર

# આશાબેન પટેલ આજે ભાજપમાં જોડાશે

ઊંઝા,તા. ૭

ઊંઝાના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલ આજે કાર્યકરો સાથેની બેઠક બાદ સૌની લાગણીને આદર કરતા આવતીકાલે પાટણ ખાતેની ભાજપ કાર્યકરોની બેઠકમાં વિધિવત રીતે કેસરિયો ધારણ કરશે. અગાઉ કોંગ્રેસના સંગઠન માળખા સાથે ભારે અસંતોષ હોવાને પગલે ધારાસભ્ય પદેથી અને કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું.

ઉંઝાના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલે ધારાસભ્યપદ અને કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યાને છ દિવસનો સમય પસાર થઈ ગયો છે અને અનેક અટકળો અને તર્ક-વિતર્કો વચ્ચે આશાબેન પટેલે આજે ઉંઝા ખાતે તેમના કાર્યકરો અને સમર્થક-ટેકેદારો સાથે એક મહત્વની બેઠક યોજી હતી. ભાજપમાં જોડાવા અંગે આશાબહેને જણાવ્યું છે કે, મારા કાર્યકરો જે નિર્ણય કરશે તે નિર્ણયનું હું પાલન કરીશ. તેમનો નિર્ણય હું માથે ચડાવીશ. બીજીબાજુ, આશાબહેન પટેલ ગમે તે ઘડીયે ભાજપમાં જોડાય તેવી અટકળો તેજ બની હતી. જો કે, ટૂંક સમયમાં જ સ્થિતિ સ્પષ્ટ થઈ જશે તેમ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. દરમ્યાન આશાબહેન

● અનુસંધાન પાન-૭ પર

## અંદાજપત્રની સાથે સાથે...

### એક સાથે પાંચ સભ્યો ગેરહાજર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આજની સામાન્ય સભામાં પાંચ સભ્યો ગેરહાજર રહ્યા હતા. આ પાંચ સભ્યોમાં ૪ કોંગ્રેસના અને ભાજપના એક સભ્યનો સમાવેશ થાય છે.

કોંગ્રેસના ચિમનભાઈ વિંઝુડા, રાકેશ પટેલ, હિરલ જોશી, મીનાબેન વાઘેલા તેમજ સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન મનુભાઈ પટેલ આજે સામાજિક કારણોસર ગેરહાજર રહ્યા હતા.

**● કમિશ્નર પહેલા અને વ્હેલા આવ્યા**

આજે મનપાની સામાન્યસભામાં પોતાનુ પ્રથમ અને મનપાનું ૮મુ ડ્રાફ્ટ બજેટ રજુ થવાનુ હોવાથી કમિશ્નર ડૉ. રતનકંવર ગઢવી ચારણ સભા શરૂ થવાના સમય પહેલાં પાંચ મનિટ વહેલા આવ્યા હતા. આ પછી વિપક્ષના નેતા અને મેયર તેમજ ડે. મેયર આવ્યા હતા.

**● પ્રવિણ પટેલ પાંચમા બજેટના સાક્ષી બન્યા**

મેયર પ્રવિણ પટેલની અધ્યક્ષતામાં આજે મળેલ સામાન્યસભા અગાઉ બે વખત સ્થાયી સમિતિના ચેરમેન તરીકે બજેટ રજુ કરી ચુક્યા છે જ્યારે આજે મેયર તરીકે તેમણે બજેટના મુસદ્દાનો સ્વીકાર કરી અને પાંચમા બજેટના સાક્ષી બન્યા છે.

**● મનપાના બજેટમાં ૨૪ ટકા આવક ટેક્ષમાંથી થશે**

મનપાના આજે રજુ થયેલા ૮મા બજેટમાં ટેક્ષ પેટે ૨૪ ટકા આવક નોનટેક્ષ પેટે ૨૨ ટકા આવક દર્શાવાઈ છે. રેવન્યુ ગ્રાન્ટની આવક ૧૫ ટકા અને કેપીટલ આવક ૩૯ ટકા દર્શાવવામાં આવી છે.

જ્યારે ખર્ચમાં ૭૩ ટકા કેપીટલ ખર્ચ, ૯ ટકા મહેકમ ખર્ચ, ૮ ટકા સફાઈ ખર્ચ અને કન્ટીજન્સી ખર્ચ ૫ ટકા, રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ ૧ ટકો અને ઈલેક્ટ્રીકસીટી તેમજ નિભાવણી ખર્ચ ૪ ટકા દર્શાવવામાં આવ્યો છે.

# ગાંધીનગર મનપાને ઓડીએફ++ રેટીંગ મળતાં તંત્રમાં ખુશીનો માહોલ



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગર પાલિકા પ્રથમ પ્રયત્ને જ ઓડીએફનો રેટીંગ મેળવવામાં સફળ રહ્યુ છે. આ નવા દરજ્જાનો સીધો લાભ સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૯માં મનપાને થશે.

આજે આ સમાચાર આવતાં જ મ્યુનિ. કમિશ્નરશ્રી સહિત સમગ્ર મનપા સંકુલમાં આને લઈ ખુશીનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ ખુશી વ્યક્ત કતાં જણાવ્યુ હતુ કે અમારી સમગ્ર ટીમ ખુબ સુંદર કામગીરી કરી રહી છે. વાયબ્રન્ટ સમીટ દરમ્યાન પણ સ્વચ્છતાની ખુબ સુંદર કામગીરી કરી હતી. મનપાની સમગ્ર ટીમને હું આ સિદ્ધિ માટે અભિનંદન આપુ છુ.

ઓડીએફ++ માટે ક્વોલીટી કંટ્રોલ ઓફ ઈન્ડિયાની એક ટીમ ૩૦ અને ૩૧ જાન્યુઆરી દરમ્યાન ગાંધીનગર આવી હતી.

આ ટીમે કોમ્યુનીટી ટોયલેટ, જાહેર શૌચાલયો ઉપરાંત સીટી સ્ટ્રીટ ખ-૭ સર્કલ, ફતેપુરા સે. ૧૫, ધોળાકુવા, પાલજ, જુના સચિવાલય તેમજ નવા સચિવાલય ગેટ નં. ૩, સંસ્કૃતિકુંજ, ઘ-૪ નજીકના સાયકલ સ્ટેન્ડ સહિતના રેસિડેન્સીયલ એરિયા ૨૬, ૨૭, ૨૮, આદિવાડાની પણ મુલાકાત લીધી હતી.

ટીમે ૧૬ જેટલા ટોયલેટની ચકાસણી કરી હતી જેમાં નવને એકસલેન્ટનો દરજ્જો અને સાતને એસ્વીટેશનલનો દરજ્જો આપ્યો હતો.

ટીમે ત્રણ ટ્રીટમેન્ટ પ્લાન્ટની પણ ચકાસણી કરી હતી. જેમાં પાલજ, જાસપુર અને સરગાસણના ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચકાસ્યા હતા.

ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, વડોદરા, રાજકોટ,સુરત આ ઓડીએફ++ની રેટીંગ મેળવી ચુક્યા છે.

# જાણીતા વકીલ શંકરસિંહ ગોહીલના ધર્મપત્ની આનંદીબાનુ દુઃખદ અવસાન

ગાંધીનગર તા ૭

ભારત સરકારના એડિશ્નલ



ગર્વમેન્ટ કાઉન્સિલર તથા જાણીતા વકીલ બાર કાઉન્સિલ કમિટીના ચેરમેન શંકરસિંહ ગોહીલના ધર્મપત્ની આનંદીબા ગોહીલનુ ટુંકી માંદગીના અંતે દુખદ અવસાન થયુ છે. એડવોકેટ શંકરસિંહ ગોહીલ તેમજ તેમના પત્ની આનંદીબાએ અગાઉ રાંદેસણ ગામના સરપંચ તરીકે પણ સેવા આપી છે. તેમના અવસાનથી ગ્રામજનોમાં પણ શોકની લાગણી વ્યાપી છે. આજે યોજાયેલી સ્મશાન યાત્રામાં પણ નગરના સામાજિક અગ્રણીઓ વકીલો તેમજ ગામના આગેવાનો સહીત મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. સદગતનુ બેસણુ આગામી તા ૧૧ ફેબ્રુઆરીના રોજ રાંદેસણ ખાતે રાખવામાં આવ્યુ છે.


કૃમિમુક્ત બાળક : તંદુરસ્ત બાળક

૮ અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ

શું આપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં

♦ કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેના કારણે હંમેશા થાક લાગે છે.

♦ સંપૂર્ણ શારીરીક અને માનસિક વિકાસ સંપૂર્ણ પણે થતો નથી.

કૃમિ સંક્રમણ ને અટકાવવું સહેલું છે.

NATIONAL HEALTH MISSION

૧-૧૯ વર્ષનાં બધાજ બાળકોને સ્કુલ અને આંગણવાડીમાં કૃમિ નિયંત્રણ (ચાવવાની) ગોળી નિઃશુલ્ક આપવામાં આવશે.

સ્કુલ ન જતાં અને નોંધાયેલ ન હોય તેવા બાળકોને પણ આ દવા નજીકની આંગણવાડીમાં ખવડાવો.

જિલ્લા આરોગ્ય તંત્ર, ગાંધીનગર



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

Kisan® | ashirvad | BENELAVE™ | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com